# Republic Day at a Village School

Republic Day Celebrations on 26th January are a major event at a village school in India and anyone visiting at the time would not want to miss that. I attended the colourful, patriotic, informative and entertaining programme in the year 2004 at our Bodali School.

The four hour long programme opens your eyes to the fascinating talent that the seven to twelve years old have. Here I want to bring to your notice two items that lingered long in my memory.

Mohini Patel, a Standard 7 student lead the Pledge and all 700 of us repeated after her.

**The Pledge.**

India is my country.
All Indians are my brothers and sisters.
I love my country and I am proud of its rich and varied heritage.
I shall always strive to be worthy of it.
I shall respect my parents, teachers and all my elders and treat everyone with courtesy.
I pledge my devotion to my country and its people.
My happiness lies in their well-being and prosperity.

Nilam Patel, another Standard 7 student delivered her speech in clear Gujarati pointing out a citizen's basic responsibility in a Democratic Country.

**લોકશાહીમાં મતાધિકારનું મહત્વ.**

દુનિયામાં શાસન વ્યવસ્થાના ત્રણ પ્રકાર છે. ૧. લોકશાહી. ૨. સરમુખત્યાર શાહી. ૩. પ્રમુખશાહી. આપણો દેશ એ દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. લોકશાહી એટલે શુ? લોકોનુ, લોકો દ્વારા અને લોકો માટે ચાલતું રાજ્ય એ લોકશાહી.
લોકશાહીમાં દરેક નાગરિક સ્વતંત્ર અને સમાન છે. દરેક પુખ્તવયના નાગરિકને મતાધિકાર આપવામાં આવ્યો છે. અને મતાધિકાર એ જ તો આ લોકશાહીનો પાયો છે. જેને ૧૮ વર્ષ પૂરાં થયાં છે, એવા ભારતના દરેક નાગરિકને કોઈ પણ જાતના ફેદભાવ વિના ચૂટણીમાં મત આપવાનો અધિકાર આપીને ભારતના બંધારણના ઘડવૈયાઓએ ભારતના સામાન્ય માણસમાં અને તેનામાં રહેલી વ્યવહારુ કોઠાસૂજમાં શ્રધ્ધા વ્યક્ત કરી છે.
લોકશાહીમાં મતાધિકાર એ નાગરિકોનો સૌથી મહત્વનો હક છે. મત આપવાના હકનો ઉપયોગ કરીને નાગરિકો લોકશાહીમાં શાસકોને પસંદ કરે છે, તો એમને નાપસંદ કરીને સત્તાસ્થાનેથી દૂર પણ કરે છે. આમ શાસકોને પસંદ કે નાપસંદ કરવાનો, તેમને સત્તા પેથી ઉઠાડી મૂકવાનો અધિકાર નાગરિકો ધરાવે છે.
નાગરિકો જ્યારે મતાધિકારનો ઉપયોગ કરે છે ત્યારે તેઓ શાસનસત્તા કોને સોંપવી એનાં નિર્ણય કરવાના ભાગીદાર બને છે. લોકશાહી આખરે તો લોકોને જવાબદાર એવી શાસન વ્યવસ્થા છે. મતાધિકાર એ શાસકો પર અંકુશ રાખવાનું સૌથી શક્તિશાળી સાધન છે. લોકો પોતાની વિરુધમાં મતદાન કરીને સત્તા પરથી ઉઠાડી મૂકશે એવો ડર શાસકોને રહેતો હોય છે.
લોકશાહીમાં મતાધિકાર એ આપણું અમોઘ શસ્ત્ર છે, તો તે ને યોગ્ય રીતે સમજી વિચારીને ચલાવીએ એ દરેક નાગરિકની પવિત્ર ફરજ છે. પહેલાં એવું કહેવાતું કે 'જેવો રાજા એવી પ્રજા', આજે 'જેવો નાગરિક તેવો શાસક' એમ કહી શકાય. જો આપણે મત આપવામાં ગાફેલ રહી એ અને યોગ્ય શાસનકર્તાને પસંદ ના કરીએ તો એનું પરિણામ આપણે જ ભોગવવું પડે છે. ખોટો શાસનકર્તા ચૂંટીને આ દેશને આપણે પાંચ વર્ષ પાછળ ઢકેલી દઈએ છીએ. એ માટે આપણે જ જવાબદાર ઠરીશું. તેથી જ મતાધિકારનો ઉપયોગ સમજી વિચારીને કરો.
મત આપતી વખતે કોઈની ધાક ધમકીને વશ ન થવું જોઈએ. ભય, લાચારી કે પ્રલોભનને વશ થઈને મતદાન ન કરવું જોઈએ. યાદ રાખો કે કોઈ ઉમેદવારે મત મેળવવા આપેલા પાંચસો રૂપિયા પાંચ વર્ષ ચાલવાના નથી, માટે જ ઉમેદવાર આપણને સૌથી સારો અને યોગ્ય લાગે એને જ આપણે મત આપવો જોઈએ.
તમે વિચારતાં હશો, એકલો મતદાર શું કરી શકે? તો યાદ રાખો કે ટીપે ટીપે સરોવર ભરાય. જો જયલલિતા જેવી શાસનકર્તા છેલ્લી ઘડીએ પોતાના એક મતનો ઉપયોગ કરી ને આખી સરકાર ગબડાવી શકતી હોય, અને આ એક મત આખા દેશને જો રૂ. ૮૦૦ કરોડના ચૂટણી ખર્ચના ખાડામાં ધકેલી શકતી હોય, તો આપણાં એક મતનું મૂલ્ય સાચેજ ૮૦૦ કરોડ રૂપિયા જેટલું છે.
અને છેલ્લે, મતદાનમાં ભાગ ન લેવો, મત આપવા જવામાં આળસ કરવી એ લોકશાહીમાં નાગરિકો માટે શોભાસ્પદનથી. જો આપણે એમ કરીએ તો નાગરિક તરીકેની સૌથી મહત્વની ફરજ આપણે ચૂકીએ છીએ એમ કહેવાય.
લોકશાહીની તંદુરસ્તી અને સફળતાનો આધાર નાગરિકો યોગ્ય રીતે મત આપવાની પોતાની ફરજ બજાવે તેના પર રહેલો છે.
તો, તમે પણ ઉઠો, જાગો અને ચુટણીમાં પોતાના મતાધિકારનો યોગ્ય ઉપયોગ કરી આ દેશની પ્રગતિમાં સહાયરૂપ થાઓ.

જય હિંદ...........જય ભારત.

Presented by Keshavlal J Patel